ChatGPT સહિત ત્રણ મુખ્ય બ્રાન્ડ્સ સાથે રૂ. 130 કરોડથી વધુનો BCCIનો કરાર

BCCI દ્વારા ચેટજીપીટી ઉપરાંત સોફ્ટ ડ્રિન્ક બ્રાન્ડ કેમ્પા અને એસબીઆઈ લાઇફ સાથે બે વર્ષનો કરાર

કેમ્પા પ્રતિ મેચ રૂ. 1.31 કરોડની બોલી સાથે ટોચે, ChatGPT, SBI લાઇફે રૂ. 1.2 કરોડની બોલી લગાવી

બિસ્લેરી, ઇન્ડિયન ઓઇલ જેવી મોટી કંપનીઓએ પણ રૂ.1.2 કરોડની બોલી લગાવી છતાં પાછળ રહ્યા

નવી દિલ્હી, તા. 08 : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ ભારતના ઘરઆંગણાના ક્રિકેટ માટે એસોસિયેટ પાર્ટનર્સ તરીકે રિલાયન્સની પ્રખ્યાત સોફ્ટ ડ્રિંક બ્રાન્ડ કેમ્પા, જાણીતી વીમા કંપની એસબીઆઈ લાઈફ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ચેટજીપીટી સાથે રૂ. 130 કરોડથી વધુની બે-સીઝન ભાગીદારી પર હસ્તાક્ષર કર્યા પછી તેના વ્યાપારી પોર્ટફોલિયોને મજબૂત બનાવ્યો છે.,

આ સમયગાળા દરમિયાન, ભારત ઘરઆંગણે કુલ 35 દ્વિપક્ષીય મેચ રમશે. કેમ્પા કોલાએ આ બોલી પ્રક્રિયામાં દરેક મેચ માટે રૂ. 1.31 કરોડ સાથે ટોચનું સ્થાન મેળવ્યું છે. AI ચેટ બોટ ચેટ GPT અને SBI લાઈફ પણ પાછળ નથી. બંને કંપનીઓ દરેક મેચ માટે રૂ. 1.2 કરોડ ચૂકવશે.

સ્પોન્સરશિપ માટેની સ્પર્ધા તીવ્ર હતી, જેમાં બિસ્લેરી અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન જેવી મોટી કંપનીઓએ પણ પોતાનો દાવો કર્યો હતો. બંને કંપનીઓએ પ્રતિ મેચ રૂ.1.2 કરોડની બોલી લગાવી હતી, પરંતુ નજીકની સ્પર્ધામાં, કેમ્પા કોલા ઊંચી બોલી લગાવીને વિજેતા બની હતી.

આ કરાર ભારતની વેસ્ટ ઈન્ડિઝ સામેની આગામી ઘરઆંગણેની શ્રેણીથી માર્ચ 2028 સુધી ચાલશે. ત્રણેય સોદાઓનું સંયુક્ત મૂલ્ય પાછલી સાયકલ કરતા 44 ટકા વધારે છે, જે ભારતીય ક્રિકેટની વધતી જતી વ્યાપારી આકર્ષણને રેખાંકિત કરે છે.

આ ભાગીદારી ડ્રિન્ક, વીમા અને એઆઈ ક્ષેત્રોના બ્રાન્ડ્સને એકસાથે લાવે છે, જે BCCI ના વાણિજ્યિક ઈકોસિસ્ટમને વધુ વિસ્તૃત કરે છે. આ સોદાઓ બે-સીઝન સમયગાળા દરમિયાન ઘરઆંગણે રમાનારા ભારતના દ્વિપક્ષીય ક્રિકેટને આવરી લે છે. બીસીસીઆઈના પ્રમુખ મિથુન મનહાસે જણાવ્યું હતું કે નવી ભાગીદારી ભારતીય ક્રિકેટની મજબૂતાઈને પ્રતિબિંબિત કરે છે અને બ્રાન્ડ્સનો રમતમાં વિશ્વાસ હજુ પણ જળવાઈ રહ્યો છે.

મનહાસે જણાવ્યું કે ભારતની ઘરઆંગણેની સીઝન દેશમાં એક મૂલ્યવાન અને માંગવામાં આવતી રમતગમતની મિલકત બની રહી છે, અને કેમ્પા, SBI લાઈફ અને ચેટજીપીટી સાથેના કરાર ભારતીય ક્રિકેટ ઈકોસિસ્ટમની મજબૂતાઈનું મજબૂત સમર્થન છે. આ ભાગીદારીના સંયુક્ત મૂલ્યમાં મોટો વધારો ખાસ કરીને પ્રોત્સાહક છે.

ત્રણ મુખ્ય ભાગીદાર મળ્યા છતાં BCCIના ટાઇટલ સ્પોન્સરની જગ્યા હજુ ખાલી

BCCI એ ત્રણ મુખ્ય સહયોગી ભાગીદારો મેળવ્યા હોવા છતાં, બોર્ડનું સૌથી મહત્વપૂર્ણ પદ, ટાઇટલ સ્પોન્સર હજુ ખાલી રહ્યું છે. અગાઉનો ટાઇટલ સ્પોન્સરશિપ કરાર ઓગસ્ટ 2026 માં સમાપ્ત થયો હતો, અને ત્યારથી બોર્ડ નવા સ્પોન્સરની શોધ કરી રહ્યું છે. જુલાઈમાં, BCCI એ આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક મેચો માટે સ્પોન્સર માટે બિડ મંગાવી હતી. ટાઇટલ સ્પોન્સર માટેની અંતિમ તારીખ 13 ઓગસ્ટ હતી, જ્યારે એસોસિયેટ પાર્ટનર માટેની અંતિમ તારીખ 25 ઓગસ્ટ હતી. જોકે, જ્યારે બોર્ડ ટાઇટલ સ્પોન્સરને અંતિમ સ્વરૂપ આપવામાં નિષ્ફળ ગયું, ત્યારે તેણે એસોસિયેટ પાર્ટનર પસંદ કરવાની અંતિમ તારીખ 7 સપ્ટેમ્બર સુધી લંબાવી.

યુએસ ઓપન નાસ્કોવા સામે હાર ટાળી સબાલેન્કા સેમીમાં

નાસ્કોવાએ આપેલી જોરદાર લડત પછી સબાલેન્કા બે ટાઇબ્રેકરમાંથી પસાર થઇ 7-6, 3-6, 7-6થી જીતી

રિબાકીના, ઝેંગ, ગફ, એન્દ્રીવા અંતિમ આઠમાં, ઝેંગ રાડુકાનું પછી અંતિમ આઠમાં પહોંચેલી પ્રથમ ક્વોલિફાયર

પુરુષ સિંગલ્સમાં ઝવેરેવ, ખાચાનોવ, બ્લોક્સ જીતીને અંતિમ આઠમાં, ઝાન્ડશુલપે યુએસ ઓપન ઇતિહાસની ચોથી સૌથી લાંબી મેચ રમી

ન્યૂ યોર્ક, તા. 08 : ફ્લશિંગ મિડો ખાતે આજે મંગળવારે રમાયેલી મહિલા સિંગલ્સની એક રોમાંચક ક્વાર્ટર ફાઈનલમાં વિમ્બલડન ચેમ્પિયન લિન્ડા નોસ્કોવાએ તોળેલા હારના જોખમને ટાળીને નંબર વન આર્યના સબાલેન્કાએ બે ટાઇ-બ્રેકમાંથી પસાર થઈને સેકન્ડ-સર્વિસ એસ સાથે ત્રણ સેટના સંઘર્ષ પછી જીત મેળવીને સેમી ફાઈનલમાં પ્રવેશ સાથે સતત ત્રીજુ યુએસ ઓપન ટાઇટલ જતવાની આશાને જીવંત રાખી હતી

આ પહેલા રિબાકીનાએ ઓપનમાં ઓસાકા મેળવીને ટેનિસમાં રેન્કિંગ એક જીત ઉપરાંત કોકો ગફ અને મીરા એન્દ્રીવાએ પણ એલેના યુએસ નાઓમી પર શાનદાર જીત હવે તે મહિલા વર્લ્ડ નંબર વન મેળવવાથી માત્ર દૂર છે. રિબાકીના ઝેંગ કિનવેન, અંતિમ આઠમાં પોતાનું નામ લખાવી દીધું છે.

નાસ્કોવા સામેની મેચમાં સબાલેન્કાએ પહેલો સેટ ટાઈ બ્રેકરમાં જીત્યો હતો, તે પછી નાસ્કોવાએ બીજો સેટ સાવ સરળતાથી જીતી લઈને સબાલેન્કાને આંચકો આપ્યો હતો. ત્રીજા નિર્ણાયક સેટમાં પણ નાસ્કોવા 4-2થી આગળ હતી અને ત્યાંથી સબાલેન્કાએ વાપસી કરીને સ્કોર 4-4ની બરાબરી પર મૂક્યો હતો. તે પછી એ સેટ પણ 10 પોઇન્ટના ટાઇ બ્રેકરમાં ગયો હતો, જેમાં સબાલેન્કા 7-6થી આગળ હતી ત્યારે નોસ્કોવાએ નેટ કોર્ડ પરથી ઉછળેલા બોલને ફોરહેન્ડ વિનરમાં ફેરવીને સ્કોર 7-7 કર્યો હતો અને તે પછી સબાલેન્કાએ ઉપરાછાપરી બે પોઇન્ટ મેળવીને સ્કોર 9-7 કરી મેચ પોઇન્ટ પર પહોંચી હતી, અહીં તેની પહેલી સર્વિસ ફોલ્ટ થઈ હતી જો કે તે પછી સબાલેન્કાએ સેકન્ડ સર્વને એસમાં ફેરવીને મેચ 7-6, 3-6, 7-6થી જીતી લીધી હતી.

ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયનો વચ્ચેના પાવર-હિટિંગ મુકાબલામાં રિબાકીનાએ સોમવારે ઓસાકા સામે 6-1, 6-4થી જીત મેળવી ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. જો બીજી સીડેડ રિબાકીના ફ્લશિંગ મેડોઝમાં સેમિફાઈનલમાં પહોંચશે, તો તે WTA રેન્કિંગમાં આર્યના સબાલેન્કાને પાછળ છોડીને ટોચ પર પહોંચી જશે તે નક્કી છે. રિબાકીના સામે ઝેંગનો પડકાર હશે, જેણે સતત બીજી મેચમાં 5-0થી પાછળ રહ્યા બાદ શાનદાર વાપસી કરીને ઈગા સ્વિટેકને 7-5, 6-3થી હરાવી હતી. 2021માં એમ્મા રાડુકાનુએ ટાઈટલ જીત્યું તે પછી ફ્લશિંગ મેડોઝમાં ક્વાર્ટર ફાઈનલમાં પહોંચનારી તે પ્રથમ ક્વોલિફાયર બની છે. ગફે ઈવા જોવિકને 6-1, 6-4થી હરાવીને 2023 પછી પ્રથમ વખત અહીં ક્વાર્ટર ફાઈનલમાં વાપસી કરી છે. ફ્રેંચ ઓપન ચેમ્પિયન મિરા એન્દ્રીવા અનાસ્તાસિયા પોતાપોવાને 5-7, 6-4, 6-3થી હરાવી અંતિમ આઠમાં પ્રવેશી હતી.

બોટિક વાન દ ઝાન્ડશુલપે યુએસ ઓપન ઈતિહાસની 5 કલાક, 13 મિનિટ સુધી ચાલેલી ચોથી સૌથી લાંબી મેચમાં આર્થર ગિયાને 3-6, 6-7, 7-6, 7-6, 6-4થી હરાવ્યો હતો. અન્ય પાંચ સેટની 3 કલાક, 50 મિનિટ સુધી ચાલેલી મેચમાં કેરેન ખાચાનોવે લર્નર ટિએન સામે 7-5, 4-6, 6-7, 6-1, 6-4થી જીત મેળવી હતી. એલેક્ઝાન્ડર બ્લોક્સે ફ્રાન્સિસ્કો સેરુંડોલોને 6-3, 4-6, 7-5, 7-5થી હરાવીને યુ.એસ. ઓપન ક્વાર્ટર ફાઈનલમાં પહોંચનારો બેલ્જિયમનો પ્રથમ પુરુષ ખેલાડી બનીને ઈતિહાસ રચ્યો છે. એલેક્ઝાન્ડર ઝવેરેવ સોમવારે રાત્રે 21મા સીડેડ લ્યુચિયાનો દાર્દેરી સામે 6-2, 6-2, 7-6થી જીતીને આગળ વધ્યો હતો.

ચાલુ મેચે ઘાયલ હરીફ અનાસ્તાસિયા પોટાપોવાને મદદ કરવા દોડી મીરા એન્દ્રીવા

ન્યુ યોર્ક તા. 08 : યુએસ ઓપનમાં સોમવારે રાત્રે રમાયેલી ચોથા રાઉન્ડની મેચમાં પોતાની હરીફ અનાસ્તાસિયા પોટપોવા જ્યારે પડીને ઘાયલ થઇ ત્યારે મીરા એન્દ્રીવા રમતને બાજુ પર મૂકીને તેને મદદ કરવા માટે દોડીને પહોંચી ગઇ હતી. અંતિમ સેટમાં જ્યારે પોટાપોવાએ ફોરહેન્ડ મારવા માટે ઝંપલાવ્યા પછી ડાબા ઘૂંટણને પકડીને નીચે બેસી પડી ત્યારે એન્દ્રીવા 5-3થી આગળ હતી. જ્યારે પોટાપોવા પીડાથી કોર્ટ પર બેઠી હતી, ત્યારે એન્દ્રીવા નેટની બીજી બાજુથી આવીને તેના ખભા પર પોતાનો હાથ મૂક્યો. પછી તેણે પોટપોવાને ઊભી થવામાં મદદ કરી તેની બેન્ચ સુધી લઇ ગયા પછી એન્દ્રીવાએ પૂછ્યું કે શું કોઈ તેને બરફ લાવી શકે છે.

યુએસ ઓપનમાં ઓસાકા હારીને પણ અનોખા 'સ્વેગી' ફેશન આઉટફિટથી છવાઈ

ન્યૂયોર્ક, તા. 08 (AP) : નાઓમી ઓસાકા ભલે યુએસ ઓપનમાંથી ધમાકેદાર વિજય સાથે આગળ ન વધી શકી હોય, પરંતુ તેણે રંગોના ધમાકા અને અનોખા 'સ્વેગ' સાથે ટુનમિન્ટમાંથી વિદાય લીધી છે. ટુનમિન્ટ્સમાં કોર્ટ પર એન્ટ્રી કરતી વખતે તેના આખરી લુક માટે, તે સોમવારે ફર-ટ્રિમ્ડ રંગબેરંગી કોટ પહેરીને કોર્ટ પર આવી હતી. ડિઝાઇનર કોલ્મ ડિલેનની લેબલ 'કિડસુપર'નો સોમવારનો અનોખો આઉટફિટ માત્ર ભવ્ય કોટ પૂરતો સીમિત નહોતો, પરંતુ તેમાં એક હેડબેન્ડ પણ સામેલ હતું જે બ્લુ, રેડ અને વ્હાઇટ NBA લોગો જેવું દેખાતું હતું.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની બિગ બેશ લીગમાં ખાનગી રોકાણને મંજૂરી

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના નિર્ણયને પગલે મેલબોર્ન રેનેગેડ્સમાં 100 ટકા હિસ્સેદારી વેચવાનો માર્ગ મોકળો થયો

મેલબોર્ન રેનેગેડ્સમાં 100 ટકા હિસ્સેદારી માટે ખાનગી માલિકો પાસેથી બોલીઓ મંગાવાશે : CA

મેલબોર્ન, તા. 08 (PTI) : ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ મંગળવારે તેની ફ્લેગશિપ ટી-20 ટૂનમિન્ટ બિગ બેશ લીગ (બીબીએલ)માં ખાનગી રોકાણને મંજૂરી આપી દીધી છે. આ નિર્ણય સાથે જ મેલબોર્ન રેનેગેડ્સમાં 100 ટકા હિસ્સેદારી સંપૂર્ણપણે વેચવાનો માર્ગ મોકળો થયો છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ જાહેરાત કરી હતી કે તે મેલબોર્ન રેનેગેડ્સમાં 100 ટકા હિસ્સેદારી માટે ખાનગી માલિકો પાસેથી બોલીઓ મંગાવશે. પરંતુ ઓસ્ટ્રેલિયન ક્રિકેટર્સ એસોસિએશન (એસીએ) ના સીઈઓ પોલ માર્શે જણાવ્યું હતું કે નવા કરાર અંગે બંને સંસ્થાઓ વચ્ચે હજુ પણ મોટું અંતર છે, જેમાં ખેલાડીઓ સાથેના નવા વેતન કરારનો પણ સમાવેશ થાય છે.

ક્રિકેટ.કોમ.એયૂના અહેવાલ મુજબ, ફ્રેન્ચાઇઝીમાં નવી માલિકી 2027-28 બિગ બેશ લીગ અને વિમેન્સ બિગ બેશ લીગ સીઝનથી અમલમાં આવશે. હાલમાં મેલબોર્ન રેનેગેડ્સનું સંચાલન ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા કેરટેકર મોડ હેઠળ કરવામાં આવી રહ્યું છે. હોબાર્ટ હરિકેન્સ, પર્થ સ્કોર્ચર્સ અને મેલબોર્ન સ્ટાર્સ અન્ય એવી ક્લબ છે જે ખાનગી રોકાણમાં રસ ધરાવે છે તેવું માનવામાં આવે છે.

દુલીપ ટ્રોફી ફાઈનલ : શમી-મુકેશના પ્રહારથી સાઉથ ઝોન લથડ્યું

છ વિકેટે 242 રનના સ્કોરથી સાઉથ ઝોન મુશ્કેલીમાં, હજુ 466 રન પાછળ હોવાથી ફોલોઓન બચાવવાનો મોટો પડકાર

ચેન્નાઈ, તા, 08 (પીટીઆઈ) : અનુભવી ઝડપી બોલર મોહમ્મદ શમીના ટૂંકા સ્પેલમાં મળેલા નિર્ણાયક ઝટકાઓની મદદથી ઈસ્ટ ઝોન દુલીપ ટ્રોફીના ખિતાબ તરફ મજબૂત પગલાં ભરી રહ્યું છે. ફાઈનલ મેચના ત્રીજા દિવસે સાઉથ ઝોનનો સ્કોર 6 વિકેટે 242 રન થઈ ગયો છે. સ્ટમ્પ સમયે તિલક વર્મા 56 અને સીવી મિલિંદ શૂન્ય રને ક્રિઝ પર હતા અ્ને તેઓ ઈસ્ટ ઝોનના 708 રનના વિશાળ સ્કોર સામે 466 રન પાછળ છે, તેથી ફોલોઓન બચાવવાનો પણ તેમની સામે મોટો પડકાર છે. જ્યારે પહેલા બે દિવસે સપાટ પીચ પર સાઉથ ઝોનના બોલરો સંઘર્ષ કરી રહ્યા હતા, ત્યારે શમીએ સ્ટમ્પ-ટુ-સ્ટમ્પ સચોટ લાઈન પર બોલિંગ કરી, જેણે તેમની યાદગાર ટેસ્ટ મેચોના સ્પેલની યાદ તાજી કરી દીધી.

ભારતીય કબડ્ડી ખેલાડી બિજેન્દ્ર ચૌધરી ડોપ ટેસ્ટમાં ફેલ

નવી દિલ્હી, તા. 08 (પીટીઆઈ) : એશિયન બીચ ગેમ્સમાં સિલ્વર મેડલ જીતનાર ભારતીય કબડ્ડી ટીમના સભ્ય બ્રિજેન્દ્ર સિંહ ચૌધરી, સ્પર્ધા દરમિયાન લેવામાં આવેલા ડોપ ટેસ્ટમાં નિષ્ફળ ગયા બાદ, તેનો મેડલ છીનવી લેવામાં આવ્યો છે. ઈન્ટરનેશનલ ટેસ્ટિંગ એજન્સી (આઈટીએ)એ જણાવ્યું હતું કે ચૌધરીને 27 એપ્રિલના રોજ સ્પર્ધામાં ડોપિંગ ટેસ્ટમાં પ્રતિબંધિત મૂત્રવર્ધક પદાર્થ બ્રિન્ઝોલામાઇડનો ઉપયોગ કરવા બદલ દોષી ઠેરવવામાં આવ્યો હતો અને તેણે પ્રતિબંધ સ્વીકારી લીધો છે. એશિયન બીચ ગેમ્સ 22 થી 30 એપ્રિલ દરમિયાન ચીનના સાન્યામાં યોજાઈ હતી.

ટી-20 રેન્કિંગમાં મંધાનાએ પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું

દુબઈ, તા. 08 (પીટીઆઈ) : ભારતની ઓપનર સ્મૃતિ મંધાનાએ મંગળવારે હોંગકોંગ સામે મહિલા એશિયા કપ મેચમાં 124 રનની શાનદાર ઈનિંગ રમીને આઈસીસી ટી-20 રેન્કિંગમાં ટોચના પાંચમાં પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું છે. ભારતીય ઓલરાઉન્ડર દીપ્તિ શર્માએ બે સ્થાનઉપર આવીને બોલર્સ રેન્કિંગમાં છઠ્ઠા સ્થાને છે. દીપ્તિ ઓલરાઉન્ડર રેન્કિંગમાં પાંચમા સ્થાને યથાવત છે. યુએઈની કેપ્ટન ઈશા ઓઝા એસોસિએટ રાષ્ટ્રોના અગ્રણી ખેલાડીઓમાં પોતાનું સ્થાન મજબૂત બનાવી રહી છે. તે ટી20 આંતરરાષ્ટ્રીય બેટિંગ રેન્કિંગમાં 39મા ક્રમે પહોંચી ગઈ છે, જ્યારે ઓલરાઉન્ડરોના રેન્કિંગમાં ટોચના 20માં સ્થાન મેળવવાથી થોડીક વાર ચૂકી ગઈ છે.

બેલોન ડી'ઓર : ડેમ્બેલે, કેન અને એમ્બાપ્પે મુખ્ય દાવેદારમાં સામેલ

ફ્રાન્સ ફૂટબોલ મેગેઝિન દ્વારા 30 પુરુષ અને 30 મહિલા નોમિનેશનની યાદી જાહેર, મેસી, યમાલ પણ સામેલ

મહિલામાં એલેક્સિયા પુટેલાસ, ઇવા પજોર અને મેલચી ડ્યુમોર્ને ફેવરિટ

પેરિસ, તા. 08 (એપી) : ગત વર્ષના વિજેતા ઓસ્માન ડેમ્બેલે, હેરી કેન અને કિલિયન એમબાપે પુરુષોના બેલોન ડી'ઓર માટેના મુખ્ય દાવેદારોમાં સામેલ છે. મંગળવારે ફ્રાન્સ ફૂટબોલ મેગેઝિન દ્વારા 30 પુરુષ અને 30 મહિલા નામાંકિતોની યાદી જાહેર કરવામાં આવી હતી. વિજેતાઓની જાહેરાત 26 ઓક્ટોબરે લંડનમાં યોજાનાર એક સમારોહમાં કરાશે.

મહિલા વિભાગમાં, આઈટાના બોનમાટીનું સ્થાન લેવા માટે બે વારની વિજેતા એલેક્સિયા પુટેલાસ, ઈવા પજોર અને મેલચી ડ્યુમોર્ને ફેવરિટ દાવેદારોમાં છે. છેલ્લા ત્રણ મહિલા એવોર્ડની વિજેતા બોનમાટી ઈજાના કારણે મોટાભાગની સીઝન ગુમાવ્યા બાદ આ યાદીમાં સ્થાન મેળવી શકી નથી. તે બાર્સિલોનાની ક્વાડ્રપલ (ચાર ટાઈટલ) વિજેતા સીઝનના અંતે પાછી ફરી હતી, જેમાં વધુ એક ચેમ્પિયન્સ લીગ ટાઈટલ પણ સામેલ હતું.

ડેમ્બેલે અને એમબાપે બંને વર્લ્ડકપમાં ફ્રાન્સ તરફથી રમ્યા હતા, જ્યાં તેમની ટીમ સેમી ફાઈનલમાં વિજેતા સ્પેન સામે હારી ગઈ હતી. જોકે, કોઈ મુખ્ય ટ્રોફી જીત્યા વિના આ પુરસ્કાર જીતવો મુશ્કેલ છે, પરંતુ એમ્બાપ્પેએ ઓછી મેચોમાં વર્લ્ડ કપના સર્વાધિક ગોલ કરવાનો લિયોનેલ મેસીનો રેકોર્ડ તોડીને ઈતિહાસ રચ્યો હતો. રેકોર્ડ આઠ વખત બેલોન ડી'ઓર જીતનાર મેસી પણ અર્જેન્ટીનાને વર્લ્ડકપમાં રનર્સ-અપ બનાવ્યા બાદ અને ઈન્ટર મિયામી સાથે મેજર લીગ સોકર જીત્યા બાદ આ યાદીમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યા છે.

વય છેતરપિંડીને કારણે U19 ક્રિકેટર રોહિત યાદવ પર બે વર્ષનો પ્રતિબંધ

ઓસ્ટ્રેલિયા સામેની **U19** ટીમમાં તેના સ્થાને સૌરાષ્ટ્રના આર્યન સવસાની અને હરિયાણાના તન્મય બલોડાનો સમાવેશ

નવી દિલ્હી, તા. 08 : એક ભારતીય અંડર-19 ખેલાડી બંગાળના લેગ-સ્પિનર રોહિત યાદવના ઉંમર સંબંધિત દસ્તાવેજોમાં વિસંગતતાઓ જોવા મળતાં તેને ઓસ્ટ્રેલિયા સામેની આગામી મેચમાંથી પાછો ખેંચી લેવા માં આવ્યો છે, અને બીસીસીઆઈએ તેના પર સ્થાનિક ક્રિકેટમાંથી બે વર્ષનો પ્રતિબંધ પણ લગાવ્યો છે.

જુનિયર ક્રિકેટ સમિતિએ વન-ડે ટીમમાં તેમના સ્થાને સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના આર્યન સવસાની અને હરિયાણા ક્રિકેટ એસોસિએશનના તન્મય બાલોડાને મલ્ટી-ડે ટીમમાં લાવવામાં આવ્યા છે.

રોહિત તાજેતરમાં જુલાઈમાં શ્રીલંકા પ્રવાસે ગયો હતો ત્યારે તે ભારતની અંડર-19 ટીમનો ભાગ હતો. શ્રીલંકામાં ચકાસણી દરમિયાન તેની ઉંમરના દસ્તાવેજોમાં વિસંગતતા પ્રકાશમાં આવી હતી. ઉપલબ્ધ માહિતી અનુસાર, રોહિત પાસે ત્રણ જન્મ પ્રમાણપત્રો છે જેમાં જન્મ વર્ષ અલગ અલગ છે, જેમાં 2007, 2009 અને 2010 દસ્તાવેજોમાં સૂચિબદ્ધ છે. તેના આધાર રેકોર્ડમાં પણ વિસંગતતાઓ હતી.



WCLની ત્રીજી સીઝનમાં વોર્નર ઓસ્ટ્રેલિયન ચેમ્પિયનનું નેતૃત્વ કરશે

મેલબોર્ન, તા. 08 (પીટીઆઈ) : માજી ઓસ્ટ્રેલિયન ઓપનર ડેવિડ વોર્નરને મંગળવારે 'વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ (WCL)' ની ત્રીજી સીઝન માટે ઓસ્ટ્રેલિયન ચેમ્પિયન્સ ટીમના કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો. આ ટીમ હવે ઓસ્ટ્રેલિયાના માજી કેપ્ટન રિકી પોન્ટિંગની સહ-માલિકી છે. ત્રીજી સીઝન પહેલા આયોજિત એક કાર્યક્રમમાં ટીમે પોતાની નવી ઓળખનું અનાવરણ કર્યું. પોન્ટિંગને પુણે સ્થિત પુનિત સિંહ સાથે ફ્રેન્ચાઈઝીના સહ-માલિક તરીકે જાહેર કરવામાં આવ્યો. વોર્નરને ટીમના નવા મુખ્ય ખેલાડી તરીકે પણ જાહેર કરવામાં આવ્યો.

મહિલા જુનિયર એશિયા કપ હોકી : જાપાનને હરાવી ભારત અંતિમ આઠમાં

કોરિયા સામે 4-1 અને મલેશિયા સામે 11-1થી જીતનારી ભારતીય જૂનિયર મહિલા ટીમે જાપાનને 7-0થી હરાવ્યું

મોકી (ચીન), તા. 08 (પીટીઆઈ) : ભારતીય જુનિયર મહિલા હોકી ટીમે એશિયા કપમાં પોતાનું વર્ચસ્વ ચાલુ રાખીને આજે મંગળવારે અહીં તેની ત્રીજી એલીટ પૂલ મેચમાં જાપાનને 7-0 થી હરાવીને ક્વાર્ટર-ફાઈનલમાં પોતાનું સ્થાન પાક્કું કર્યું હતું. આ જીત સાથે, ભારતના ત્રણ મેચમાં નવ પોઈન્ટ થયા છે અને તે હાલમાં એલીટ પૂલમાં ટોચ પર છે. ભારત બુધવારે પોતાની છેલ્લી પૂલ મેચમાં ચીન સામે ટકરાશે અને પૂલ ટોપર નક્કી કરશે. ચીનના હાલમાં બે મેચમાં છ પોઈન્ટ છે.

કોરિયા સામે 4-1થી જીત સાથે પોતાના અભિયાનની શરૂઆત કરનાર અને પછી મલેશિયા સામે 11-1થી શાનદાર જીત મેળવનાર ભારતીય ટીમે જાપાન સામેની મેચમાં આક્રમક લય જાળવી રાખીને શરૂઆતથી જ રમત પર નિયંત્રણ મેળવ્યું હતું.

વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ : ભારતે બે ગોલ્ડ સહિત પાંચ મેડલ જીત્યા

પુરુષોની રિકર્વ અને કમ્પાઉન્ડ ટીમે ગોલ્ડ જ્યારે સ્વાતી ચૌધરીએ સિલ્વર અને બ્રોન્ઝ મળી બે મેડલ જીત્યા

અમદાવાદ, તા. 08 (પીટીઆઈ) : ભારતીય તીરંદાજોએ પેરા તીરંદાજી વર્લ્ડ સિરીઝના સમાપનના એક દિવસ પહેલા મંગળવારે અહીં શાનદાર પ્રદર્શન કરીને બે ગોલ્ડ, બે સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. પુરુષોની કમ્પાઉન્ડ અને રિકર્વ ટીમોએ ગોલ્ડ મેડલ જીત્યા, જ્યારે સ્વાતિ ચૌધરીએ એક જ દિવસે બે મેડલ જીત્યા.

વિશ્વ ચેમ્પિયન તોમન કુમાર અને શ્યામ સુંદર સ્વામીની પુરુષોની કમ્પાઉન્ડ જોડીએ ઈરાકને 152-139થી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો. બે વખતના પેરાલિમ્પિક્સ મેડલિસ્ટ હરવિંદર સિંહ અને વિજય સુંડીની રિકર્વ જોડીએ સ્લોવાકિયાને 6-2થી હરાવીને ટોચનું સ્થાન મેળવ્યું. મહિલા રિકર્વ ટીમ ઈવેન્ટમાં, ભાવના અને પૂજાને ફાઈનલમાં ચીન સામે 0-6 (23-34, 33-35, 30-31)થી હારી જતાં સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો. સ્વાતિ ચૌધરી અને આદિલ મોહમ્મદ નઝીર અન્સારીએ મિક્સ ટીમ રિકર્વ/કમ્પાઉન્ડ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો. ત્યારબાદ સ્વાતિએ બપોરના સત્રમાં વ્યક્તિગત W-1 શ્રેણીમાં બ્રોન્ઝ જીત્યો. સ્વામી અને તોમાને પુરુષોની કમ્પાઉન્ડ ટીમ ઈવેન્ટમાં ઈરાકના અબ્બાસ કાદિમ અને અનવર અલ્દાવોદને ફાઈનલમાં હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો. હરવિંદર અને સુન્ડીએ પહેલા સેટમાં પાછળ રહ્યા બાદ શાનદાર વાપસી કરીને સ્લોવાકિયાના ડેવિડ ઈવાન અને ડેનિસ ઈવાનને 6-2 (34-37, 36-31, 38-34, 35-31)થી હરાવી ગોલ્ડ જીત્યો.